ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૧૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૩૯ ટકા ● સાંજે ૨૪

ગાંધીનગર તાપમાન

સી.સી. ટીવી કેમેરાથી ખૂણેખૂણા સજ્જ હોવા છતાં

ન્યુ ગાંધીનગરમાં તસ્કરરાજ...!

કુડાસણ સ્થિત શુકન સિલ્વર ફલેટમાં આઠ મકાનોનાં તાળા તોડી તસ્કરોએ પોલીસ પેટ્રોલીંગની પોલ ખોલી : પરોઢીયે ત્રાટકેલા પાંચ તસ્કરોની ટોળકીનો પોલીસને સણસણતો તમાચો : લાખો રૂપિયાના દાગીના-રોકડની તસ્કરી : મકાન માલિકો બહારગામ હોવાથી માલમત્તાનો ચોકકસ આંકડો જાણી શકાયો નથી

ગાંધીનગર, તા.૫

ન્યુ ગાંધીનગર વિસ્તારની દરેકે દરેક સોસાયટીઓ-કોમર્શીયલ કોમ્પ્લેક્ષો સીસીટીવી કેમેરાથી એહદે સજ્જ છે કે ખુણે ખુણા કેમેરામાં કેદ થઈ રહ્યા છે તેમ છતાં ન્યુ ગાંધીનગરમાં તસ્કરોના સપાટા વચ્ચે પોલીસની ચુપકીદી શરમજનક સાબિત થઈ રહી છે. ગત રાત્રિ દરમિયાન કુડાસણની શુકન સિલ્વર સોસાયટીમાં ત્રાટકેલી તસ્કર ટોળકીએ બે કલાકમાં બે ચાર નહીં પરંતુ આઠ-આઠ મકાનોના તાળા તોડયા છતાં રાત્રી પેટ્રોલીંગ કરતી પોલીસના કાને અવાજ પડયો નહીં...! રાત્રી પેટ્રોલીંગની ગુલબાંગો વચ્ચે આઠ ઘરફોડ ચોરીઓના આ બનાવે પોલીસના કહેવાતા સઘન પેટ્રોલીંગની પોલ ખોલી નાંખી છે અને પોલીસને પડેલા આ તસ્કરોનાં સણસણતા તમાચાની ગુંજ ખાખીને શરમાવી રહી છે. ન્યુ ગાંધીનગર વિસ્તારમાં આ તસ્કર રાજથી નગરજનોમાં ભય અને અસલામતીનો માહોલ પેદા થઈ રહ્યો છે ત્યારે પોલીસ માત્ર ગુનાઓ દાખલ કરવામાં વ્યસ્ત છે.

મળતી માહિતી મુજબ ગત રાત્રિ દરમિયાન પરોઢીયાના અરસામાં ન્યુ ગાંધીનગર કુડાસણ વિસ્તારમાં ત્રાટકેલી તસ્કર ટોળકીએ રીતસરનો તરખાટ મચાવ્યો છે. કુડાસણની શુકન સિલ્વર સોસાયટીમાં ફલેટનાં પાંચ બ્લોક છે. બ્લોક-એ, સી, ડી અને ઈ એટલે કે બ્લોક-બી સિવાયનાં તમામ બ્લોકમાં તસ્કર ટોળકીએ તરખાટ મચાવી બંધ આઠ મકાનોનાં તાળા તોડયા હતાં. બહારગામ ગયેલા મકાનમાલિકોને વહેલી સવારે પોતાના મકાનમાં તસ્કરો ઘુસ્યાના કોલ આવતા પરત ગાંધીનગર આવવા પાછા ફર્યા છે. મોડી સાંજ સુધી મકાન માલિકોની ગેરહાજરીના પગલે ગુનો દાખલ થયો ન હતો. સુત્રો પાસેથી મળતી વિગત મુજબ એક મકાનમાંથી ૪ કિલો જેટલું ચાંદી અને ૧૭ તોલા જેટલા સોનાના દાગીના ઉપરાંત અન્ય મકાનોમાંથી જે હાથમાં આવ્યું તે રોકડ સહિતનો સામાન ઉઠાવી તસ્કરો ફરાર થઈ ગયા હતાં. પોલીસને ઘટનાની જાણ થતા ઈન્ફોસીટી પોલીસ અને એલસીબીની ટીમ ડોગ સ્કવોર્ડ તથા ફિંગર પ્રિન્ટ નિષ્ણાંત સાથે સ્થળ પર પહોંચી ગઈ હતી. સીસીટીવી કેમેરા તપાસ કરવાનુંશરૂ કરતાં મોટા ભાગના સીસીટીવી કેમેરા તસ્કરોએ તોડી નાંખ્યા હોવાનું જણાઈ આવ્યું હતું. ફુટેજ તપાસતા પાંચ તસ્કરો સવા ચાર વાગ્યે સોસાયટીમાં પ્રવેશતા કેમેરામાં કેદ થયા છે અને બુટ ચંપલના પણ અવાજ ન આવે એટલે હાથમાં બુટ-ચંપલ લઈને જતા જોવા મળ્યા છે. પોલીસે ફુટેજ લઈને આરોપીઓ સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે તો બીજી તરફ મોડી સાંજ સુધી મકાન માલિક આવ્યા ન હોવાથી કયાં મકાનમાંથી કેટલી માલમત્તાની ચોરી થઈ તે અંગેનો ચોકકસ આંકડો બહાર આવી શકયો નથી. નોંધનીય બાબત એ છે કે અનેક ઘરફોડ, ચોરી, લુંટ જેવા કિસ્સાઓ બન્યા હોવા છતાં સીસીટીવી કેમેરામાં કેદ થતા આરોપીઓ ભાગ્યે જ પોલીસનાં રડારમાં આવી શકે છે..!

આઈ લવ માય ગાંધીનગર

જયેન્દ્રભાઈ પરીખ
સ્થાપક
ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખા

ગાંધીનગર ગમે

ખારોડ સાહેબ જેવા અલગારી મૂક સેવકો, ઈશ્વરીય વાતાવરણ, સુંદર અને ઉચ્ચ પર્યાવરણ, શિક્ષિત, સેવાભાવી, સરળ, કાર્યરત વડીલોને કારણે શહેર ખૂબ ગમે છે.

નગરજનો

અહીંનાં નગરજનો ખૂબ જ માયાળુ અને સેવાભાવી છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની રક્તદાન પ્રવૃત્તિ, થેલેસેમિયા કેમ્પ અને મેડિકલ સેવાની પ્રવૃત્તિ, ગરીબ લોકોને મફત જમાડવાની સેવા, ૨૪ કલાક કાર્યરત જુનિયર સિટિઝન કાઉન્સિલ અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવાની અલગારી પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે.

નગરને બહેતર બનાવવા

સ્વચ્છતાની બાબતે ધ્યાન આપવું જરૂરી છે.

નગર માટે હું કરી શકું

જરૂરિયાતમંદ લોકોને મદદ કરવા, બાળકોને ભણાવવા, ગરીબોને મેડિકલ સેવા આપવા, નગરને સ્વચ્છ અને સ્વસ્થ રાખવા સતત પ્રયત્નશીલ છું.

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર તથા અશ્વિનભાઈ એચ. પટેલ કોમર્સ કોલેજ (કડી કેમ્પસ) ગાંધીનગર ના સંયુકત ઉપક્રમે રોજગાર વાંચ્છુક ઉમેદવારો મટે આજ રોજ ઓપન ઈન્ટરવ્યુ સવારે ૯.૦૦ કલાકે એસ.કે. પટેલ બિલ્ડીંગ ગેટ નં. ૨ સે-૨૩, કડી કેમ્પસ ખાતે યોજાયું હતું. આ ભરતીમેળામાં ૨૫થી વધુ કંપનીઓના અધિકારીઓ હાજર રહ્યા હતા. આ ઓપન ભરતી મેળામાં ધો-૧૨ પાસ, ગ્રેજયુએટ, આઈટીઆઈ, ડિપ્લોમા અને એન્જીનીયરીંગની લાયકાત ધરાવતા હજજારો ઉમેદવારો આવી પહોંચ્યા હતા.સવારથી જ મોટી સંખ્યામાં ઉમેદવારો ધસી આવતા મેળા જેવો માહોલ કડી કેમ્પસ ખાતે યોજાયો હતો. વિવિધ કંપનીઓ દ્વારા ઉમેદવારોની લાયકાત પ્રમાણે નોકરી આપવામાં આવી હતી. અને નોકરી મળતાં જ ઉમેદવારોના ચહેરા પર હાસ્ય જોવા મળ્યું હતું.

આજથી બ્રહ્માકુમારીઝની ત્રિદિવસીય રાજયોગ શિબિરો યોજાશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરમાં પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા વિવિધ સેવા કેન્દ્રો ખાતે તણાવ મુકત જીવનના દિવ્ય અનુભવ માટે વિશેષ રાજયોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ રોજયોગ શિબિર તા. ૬, ૭, અને ૮ માર્ચ દરમિયાન દરરોજ સવારે ૭.૩૦ થી ૮.૩૦ કલાક દરમિયાન સે-૨૮, સે-૨, ઉર્જાનગર તથા ચિલોડા ખાતેના સેવા કેન્દ્રો પર યોજાશે. આ રાજયોગ શિબિરનો લાભ લેવા ગાંધીનગરના ધર્મપ્રેમી તથા સ્વાસ્થ્ય પ્રેમી જનતાને જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

સે-૧૩ સ્થિત વસાહત ખાતે નાલ્સા અંતર્ગત કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૫

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગર તથા નાલ્સાના સંયુકત ઉપક્રમે સે-૧૩ છાપરા વસાહત ગાંધીનગર ખાતે જાતિય શોષણને લગતા તથા વેપારના ભોગ બનનાર વિશે જાગૃતતા કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં પેરા લીગલ વોલન્ટર્સ સુધીરભાઈ દેસાઈ, વિમળાબેન અયાચી, જયરામભાઈ સોની, સીતારામભાઈ પટેલ વગેરે મહાનુભાવોએ મહિલાઓના અધિકારો, ઘરેલુ હિંસા, સમાન વેતન, જનલ્યાણકારી યોજનાઓ, ભોગ બનનારના માન-સન્માન તેમજ તેમનું રક્ષણ, જીવન જીવવાનો અધિકાર વગેરે કાયદાકીય બાબતો અંગે સમજ અને માહિતી પુરી પાડી હતી. આ શિબિરમાં વસાહત મંડળના અગ્રણી બાબરભાઈ રાવળ, દિનેશભાઈ પુરબીયા, મહિલા કાર્યકર મેનાબેન જાદવ વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

ધો-૧૦ અને ધો-૧૨ની વિદ્યાર્થીનીઓનો શુભેચ્છા સમારોહ તથા ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૫

અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, ગ્રાન્ટેડ વિભાગ ખાતે તાજેતરમાં ધો-૧૦ અને ધો-૧૨ની વિદ્યાર્થીનીઓનો શુભેચ્છા સમારોહ અને નામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

પ્રસંગે સમારોહના અધ્યક્ષ સુનયનાબેન તોમર (આઈએએસ), અગ્રસચિવ (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) હાજર રહી અધ્યક્ષસ્થાન શોભાવ્યું હતું. જિલ્લા શિક્ષણાધિકારી બારડ સાથે અન્ય આમંત્રિત મહેમાનો નરેશભાઈ ડી. ચૌધરી (જિલ્લા રમતગમત અધિકારી-ગાંધીનગર), રાકેશભાઈ ચૌધરી (પ્રાંત યુવા વિકાસ અધિકારી-ગાંધીનગર), ભરતભાઈ ઠાકોર, કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી, ઉપપ્રમુખ તથા કેમ્પસ ડાયરેકટર શંકરભાઈ ચૌધરી, ઉપપ્રમુખ ગોવિંદભાઈ ચૌધરી તથા સહમંત્રી લાલજીભાઈ, સાયન્સના ઈનામ દાતા પ્રતાપભાઈ ચૌધરી, ઈંગ્લીશ મિડીયમના કન્વીનર એમ.કે. ચૌધરી અમુલ્ય સમય ફાળવી હાજર રહ્યા હતા.

સમારોહની શરૂઆત પ્રાર્થના, દીપ પ્રાગટય, સ્વાગત પરિચય, સત્કારથી કરવામાં આવી હતી. શાળાનો વાર્ષિક અહેવાલ આચાર્યાબહેન સંતોકબેન ચૌધરીએ રજૂ કર્યો હતો. ધો-૧૦-૧૨ની બાળાઓએ શાળાકીય સંસ્મરણો વાગોળ્યા હતા. ઉચ્ચતર વિભાગના શિક્ષિકા રમીલાબેન એમ. ચૌધરીએ બાળાઓને શુભાશિષ આપ્યા હતા. જિલ્લા-રાજય-રાષ્ટ્રીય કક્ષાએ વિજેતા વિદ્યાર્થીઓને તથા ધો-૧૦-૧૨માં દરેક વિષયમાં સૌથી વધુ માર્ક મેળવનારને રોકડ ઈનામ એનાયત કર્યા હતા. વિજ્ઞાનના વિષયના શિક્ષિકાબેન રમીલાબેન એસ. ચૌધરીને આંતરરાષ્ટ્રીય ઈ-સેમિનારમાં સંશોધનાત્મક નિબંધ માટે પ્રથમ સ્થાન આંતરરાષ્ટ્રીય કક્ષાએ મળેલ તે માટે તેમનું શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. પધારેલ મહેમાનોના ઉદબોધન બાદ રાષ્ટ્રગાન સાથે સમારોહની સમાપ્તિ શાળાના આચાર્યા સંતોકબેન ચૌધરીની રાહબરી હેઠળ કરવામાં આવી હતી.

રકતદાન કેમ્પ યોજાશે

સિનિયર સિટિઝન્સ કાઉન્સીલ, ગાંધીનગર સહયોગ મંડળ તેમજ આઈટીઆઈ કોલેજ સે-૧૫ના સંયુકત ઉપક્રમે રકતદાન કેમ્પનું આયોજન તારીખ ૯-૩-૨૦૧૭નો ગુરુવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન, આઈટીઆઈ કોલેજ સે-૧૫, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. તો આ પ્રસંગે નગરના યુવાઓને રકતદાન કરવા માટે આહવાન છે. આપનું એક બોટલ લોહી બીજાનું જીવન બચાવી શકે છે. માટે રકતદાન મહા દાન છે.

@ગાંધીનગર

● વંદે માતરમ પરિવાર દ્વારા આનંદનો ગરબો દત્ત મંદિર, સે-૨૮ ખાતે ૪ થી ૬ કલાકે યોજાશે.

વાતવાતમાં

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત અર્ક વ્યાખ્યાનમાળા અંતર્ગત બી.કે. શિવાની દીદીનું વકતવ્ય યોજાયું હતું. જેમાં મોટી સંખ્યામાં નગરના શ્રોતાજનો ઉમટી પડયા હતા. આ વકતવ્યના અંતે શિવાની દીદીએ ઘર સુધી મૌન વ્રત જાળવવા આપેલી સૂચનાના પ્રતાપે તમામ શ્રોતાઓ અભૂતપૂર્વ શિસ્તબધ્ધ રીતે શાંતિપૂર્ણ વાતાવરણમાં સભા સ્થળેથી વિખેરાયા હતાં.

● ગાંધીનગરમાં દર માસના પ્રથમ રવિવારે યોજાતી પુસ્તક પરબમાં રાજયના માહિતી ખાતા દ્વારા આ પ્રવૃત્તિનું વિડીયો શુટીંગ કરવામાં આવ્યું હતું. આ શુટિંગ દરમિયાન પુસ્તક પરબના આયોજકો તથા વાચકોના ઈન્ટરવ્યુ પણ લેવામાં આવ્યા હતા.

● કલોલની એક વૃધ્ધાને મકાન પચાવી પાડવાના આશયથી તેના પુત્ર તથા પુત્રવધુએ માર મારી તેનો હાથ દરવાજા વચ્ચે દબાવી દીધો હોવાની ફરિયાદ નોંધાઈ છે. આ ફરિયાદને અનુલક્ષીને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે તથા વૃધ્ધાને સારવાર આપવાની તજવીજ પણ કરવામાં આવી છે.

● શહેરમાં ધો-૧૦ અને ૧૨ની પરીક્ષાઓનો માહોલ સર્જાયો છે ત્યારે જ સંસ્કૃતિ કુંજમાં ઉજવાતો વસંતોત્સવ વિદ્યાર્થીઓને ખટકે છે. પરીક્ષાના સમયે મોડી રાત સુધી લાઉડ સ્પીકરના અવાજો વાંચવામાં ખલેલ પહોંચાડે છે ત્યારે વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર બિનઅધિકૃત રીતે વગાડાતા ગીતો પર થોડીક લગામ રાખે તે વિદ્યાર્થીઓને ગમશે.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગ રૂપે કુકીંગ કોમ્પિટીશન યોજાશે

ગાંધીનગર, તા.૫

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગરના જાણીતા શેફ કનીનીકા મહેતાના નેતૃત્વ હેઠળ કુકીંગ કોમ્પિટીશન સાથે એકઝીબીશન કેમ સેલનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગ રૂપે ફુડ-ફુડ ચેનલના ખૂબ જ જાણીતા શેફ હરપાલસીંગ સોખી આ કોમ્પિટીશનમાં જજ તરીકે સેવા આપશે અને બધી જ ડીશ ટેસ્ટ કરી વિજેતાઓને ઈનામોની જાહેરાત કરશે જે આપણા માટે ગર્વની વાત છે.

કોમ્પીટીશનનું આયોજન તા. ૭-૩-૨૦૧૭ના રોજ ફોર્ચ્યુન ઈન હવેલી હોટલ, સે-૧૧, રાધે સ્વીટસની ઉપર, બપોરે ૩થી ૫ કલાક દરમિયાન કરવામાં આવેલ છે. કોમ્પિટીશનમાં ભાગ લેવા માટે દક્ષાબેન જાદવ મો. ૯૮૭૯૦૫૭૯૭૮ પર સંપર્ક કરવા જણાવાયું છે.

ચિરવિદાય

- સ્વ. ઠાકોર લક્ષ્મણજી રાયસંગજી, ઉ.વ. ૭૫
- સ્વ. પટેલ રુખીબેન ભીખાભાઈ, ઉ.વ. ૭૬
- સ્વ. રાવળ જયંતિભાઈ મોહનભાઈ, ઉ.વ. ૬૭

મહિલા દિન તો જ સાર્થક થાય, જો મળે એક સમાન ન્યાય

મહિલાઓની સુરક્ષા, અધિકારો અને સમાનતા માટે કાયદાકીય રક્ષણો છતાં દેશમાં મહિલાઓની સ્થિતિ ચિંતાજનક : કાયદાના દુરુપયોગથી વધતુ પુરુષ ઉત્પીડન પણ 'સમાનતા' માટે એટલું જ જોખમી

લાગ્યું એવું લખ્યું
સમીર રામી

ગાંધીનગર, તા.૫

આગામી તા. ૮મી માર્ચે વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરાશે. આજના આધુનિક યુગમાં મહિલાઓએ દરેક ક્ષેત્રમાં સફળતાના શિખરો હાંસલ કર્યા છે આમ છતાં હજુ પણ મહિલાઓનું સામાજિક રીતે સ્થાન 'સેકન્ડ સિટિઝન' જેવું જ રહ્યું છે. દેશમાં મહિલાઓને સમાન અધિકાર તથા સુરક્ષા આપવા અનેક કાયદા ઘડવામાં આવ્યા છે. આમ છતાં મહિલાઓ પ્રત્યેના ગુનાઓમાં કોઈ ખાસ ફર્ક પડયો હોય તેવું જણાતું નથી. જો કે આ કાયદાઓની આડ લઈને પુરુષ ઉત્પીડનની સમસ્યાનો પણ ઉદભવ થયો છે. મહિલાઓને પુરુષ સમાન અધિકારો મળવા જ જોઈએ એટલું જ નહી પરંતુ મહિલાઓનું સન્માન પણ પુરુષ સમકક્ષ હોવું જ જોઈએ એ વાતમાં બે મત નથી. પરંતુ આ સાથે કાયદાની આડમાં નિર્દોષ પુરુષો કે અન્યનો ભોગ ના લેવાય તે જોવું એટલું જ અગત્યનું છે.

ભારતીય સંસ્કૃતિમાં નારીને દેવી તુલ્ય માની પૂજનીય ગણવામાં આવી છે પરંતુ વાસ્તવિક સ્થિતિમાં જન્મ સાથે જ બાળકીને દૂધ પીતી કરવાથી માંડીને, બાળ વિવાહ, પડદા પ્રથા, લીંગ ભેદ, સ્થાન ભેદ, વ્યવહાર ભેદ, પિતૃ સત્તાક પરિવાર, સામાજિક રૂઢિઓ તથા પરંપરાઓ, શિક્ષણથી વંચિત રાખવી, માત્ર ગૃહકાર્ય પુરતી મર્યાદિત રાખવી, સતી પ્રથા, દહેજ પ્રથા, શારીરિક શોષણ અને ઉત્પીડન, બળાત્કાર, પૈતૃકત સંપત્તિથી વંચિત રાખવી જેવી અનેક સમસ્યાઓ થકી નારીને માત્ર 'અબળા' બનાવીને રખાઈ છે. મહિલાને માત્ર સામાજિક જ નહી પરંતુ ધાર્મિક અને આર્થિક રીતે પણ સભાનપણે પિડિત અને દયનીય બનાવી રખાઈ છે. ભારતની મહિલાઓમાં ખાસ કરીને ગ્રામીણ મહિલાઓમાં તો હજુ પણ દયનીય સ્થિતિ પ્રવર્તી રહી છે.

મહિલાઓ શારીરિક કે કૌશલ્યની દૃષ્ટિએ પુરુષ કરતા સ્હેજ પણ ઉણી ઉતરતી નથી તેમજ દરેક ક્ષેત્રમાં તેમનું યોગદાન રહ્યું છે તે નિર્વિવાદ હકીકત છે, બલ્કે આધુનિક યુગની નારી હવે પુરુષ કરતા પણ ચડિયાતી સાબિત થઈ રહી હોવાના પણ અઢળક ઉદાહરણો સમાજમાં મોજુદ છે. મહિલાઓમાં શિક્ષણનો વ્યાપ વધવાથી નવી દિશા અને આત્મ નિર્ભરતાનો વ્યાપ વધતો જાય છે અને આજની મહિલા સમાજ સમક્ષ તેના અલગ સ્વતંત્ર વ્યકિતત્વનો સ્વીકાર કરાવી રહી છે. આજની મહિલા આર્થિક, રાજકીય, સામાજિક, સાહીત્ય, કૃષિ, વિજ્ઞાન, કલા, ઉડ્ડયન, સંરક્ષણ, રમત, સંચાલન, વ્યવસાયિક એમ તમામ ક્ષેત્રે પોતાનો સિક્કો જમાવી રહી છે, ગૃહિણીથી માંડીને દેશના સર્વોચ્ચ સત્તા સ્થાને બિરાજી ચુકી છે અને તમામ જવાબદારીઓ સફળતાપૂર્વક નિભાવી રહી છે. સરકાર દ્વારા પણ મહિલાઓને સુરક્ષા તથા સમાનતા

અપાવવા અનેક કાયદાઓનું ઘડતર કરાયું છે. જેમાં ૧૯૫૩માં કેન્દ્રિય સમાજ કલ્યાણ બોર્ડની સ્થાપનાથી માંડીને ૧૯૫૨માં રાષ્ટ્રીય મહિલા આયોગની રચના, ૨૦૦૦માં જેન્ડર રિસ્પોન્ડીંગ બજેટ દ્વારા ૩૩ ટકા હિસ્સો મહિલાઓ તથા બાળકો માટે ફાળવવો, ૨૦૦૧માં રાષ્ટ્રીય મહિલા સશકિતકરણ જાતિ, ૨૦૦૫માં હિન્દુ ઉત્તરાધિકાર બિલ ઉપરાંત અગાઉ દહેજ નિરોધક, બાળવિવાહ અટકાયત અનૈતિક વ્યવહાર અટકાયત, સતી પ્રથા અટકાયત વગેરે અધિનિયમનો તેમજ દરેક ક્ષેત્રમાં મહિલાઓને ૩૩ ટકા આરક્ષણ સુધીના પગલા લેવાયા છે. આ સાથે મહિલાઓ પ્રત્યે ઘરેલુ હિંસા અને દહેજ ઉત્પીડનના કાયદાની સુરક્ષા આઈપીસીની કલમ ૪૯૮એ અંતર્ગત અપાઈ છે. જો કે આ કાયદાનો વધી રહેલો દુરુપયોગ પણ ઉડીને આંખે વળગે તેવો છે.

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના આંકડા મુજબ ૧૯૯૮થી ૨૦૧૫ દરમિયાન દેશમાં ૪૯૮-એ અંતર્ગત ૨૭,૧૬,૯૧૫ ફરિયાદો થઈ હતી તે તમામ કેસોમાંથી માત્ર ૧૩.૭ ટકા આરોપીઓ પર જ ગુનો પુરવાર થયો છે. આ ફરિયાદો અંતર્ગત કુલ ૨૧,૧૨,૨૬૪ પુરુષો, ૬,૦૪,૬૫૧ મહિલાઓ તથા ૭૭૦૭ બાળકોની ધરપકડ કરાઈ હતી. જેમાંથી ૫,૮૭,૫૦૭ કેસો કોર્ટમાં ચાલ્યા હતા તેમાં ૪,૭૭,૪૧૩ કેસોમાં ૧૧,૫૦,૨૯૩ આરોપીઓ નિર્દોષ છુટયા છે. ૧,૦૯,૬૯૪ કેસોમાં ૨,૭૬,૬૪૦ આરોપીઓ નિર્દોષ ઠર્યા છે. ૨૦૧૫ના અંત સુધીમાં ૯,૧૦,૮૬૪ કેસો અન્ડર ટ્રાયલ હતા. જેમાં ૫,૪૬,૦૧૩ પુરુષો તથા ૧,૧૮,૨૩૪ મહિલાઓને જામીન મળ્યા છે. આ ૪૯૮-એની કલમના દુરુપયોગથી થતા ખોટા કેસોથી કરીને આત્મહત્યા કરી રહેલા પુરુષોની સંખ્યા પણ વધી રહી હોવાનું તારણ 'સેવ ઈન્ડિયન ફેમિલી' નામની બિનસરકારી સંસ્થાએ તૈયાર કરેલ એક દસ્તાવેજી ફિલ્મ 'માર્ટસ ઓફ મેરેજ'માં દર્શાવાયું છે. આ ફિલ્મને તાજેતરમાં જ અમદાવાદમાં એચ.કે. કોલેજના ઓડિટોરિયમ ખાતે રાજયભરના ન્યાયાધીશો, પોલીસ અધિકારીઓ, વકીલો, પત્રકારો તથા સમાજસેવકો સમક્ષ પ્રદર્શિત કરાઈ હતી. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે મહિલાના અધિકાર, મહિલાઓની સુરક્ષા તથા મહિલાઓને સમાનતા બાબતે ચર્ચા તથા પ્રયાસ જરૂર થવા જોઈએ, તે હજુ પણ અત્યંત આવશ્યક છે પરંતુ સાથે સાથે મહિલાઓ માટેના કાયદાઓનો દુરુપયોગ ના થાય તે પણ એટલુંજ જરૂરી છે કારણ કે પુરુષ અને મહિલા બંને આપણા સામાજિક જીવન રથના બે પૈડાં છે તે નિર્વિવાદ હકીકત છે. મહિલાઓને તેમનું સન્માન પુરૂષોના ભોગે મેળવવાથી નુકશાન સરવાળે બંનેનું જ થશે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com